# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર


**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૩/૦૨/૨૦૨૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૨૨૯ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૦/૨૦૨૫**

**નરોડાઃ** મનિષભાઇ સ/ઓ મોહનભાઇ રામી (રહે.પ્લોટ નંબર-૩૪ સ્વ બંગલોઝ તપોવન સર્કલ પાસે ચાંદખેડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૨/૨૦૨૫ રાતના ૯/૩૦ થી ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા જી.આઇ.ડી.સી.ફેઝ-૧ વિમલ ક્રોપ કેર પ્રા.લી. નામની ફેક્ટરીમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ફેક્ટરીમાંથી ૮૮ કિ.ગ્રા.કોપર કિમત રૂપિયા ૮૦,૦૮૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૧/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** સેજલ ડો/ઓ રમેશભાઇ ભાટીયા (ઉ.વ.૨૧) (રહે. આર્ટવિલા સાયોના ગ્રીન સામે ન્યુ ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૨/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને સીમ્સ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૨/૨૦૨૫ કલાક ૩/૦૦ વાગે તેનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

**ચાંદખેડાઃ** કવિતા વા/ઓ નિતેશ યાદવ (ઉ.વ.૪૫) (રહે. સપ્તક હોમ્સ ઇટ પંજાબની બાજુમા ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૨/૨૦૨૫ સાંજના ૬/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સબ.ઈન્સ.શ્રી એસ.યુ.ઠાકોર ચલાવે છે.

**દાણીલીમડાઃ** દાણીલીમડા કોઝી હોટેલ પાછળ પુરૂષોત્તમ એસ્ટેટ ખાતે રહેતા નરસિંહ સુરસિંહ રાવત (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ-સેવરીયા, તા-જોબટ, જી-અલીરાજપુરા મધ્યપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૨/૨૦૨૫ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરાગકુમાર પ્રફુલભાઇ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી